# અષવનના તબક્કા ઉપર પહોંચવાનું પહેલું પગલું કયું?
## ઝબાનની સચ્ચાઈ, મેહેર પતેત, ગુનાહનો એકરાર, હુતોક્ષી, અંતકરણ-મન-ઝબાનનો સંગમ.

### તેનાથી કેહર્પનાં ૧૬ ચક્રો પર થતી અસરને લગતું દીનનું બાતેન સાયન્સ.

લેખક : ડોકટર સાહેબ ફ્રામરોઝ ચીનીવાલા

(શરૂઆતની નોંધ : ધર્મ એટલે શું? દીન એટલે શું? ધાનશાકની ટેબલ પર ખાલી ચર્ચા કરવાનો વિષય? યા પોતાના સ્વાર્થ યા અહંકાર (selfish motives or ego) ને પંપાળવા માટે જે વિચાર સુઝે તેને સચ્ચાઈ માનીને ઠોકઠાક કરવાનો વિષય?

દીનને, ધર્મને તો ત્રણ પાસાંઓ હોય છે. (૧) કુદરતના ભેદો બતાવતું જ્ઞાન, વિજ્ઞાન, સાયન્સ; (૨) રોજીંદી જીંદગી ગુજારવાના વહેવારૂ નિયમો; અને (૩) પોતપોતાના ધર્મ અને તેને લાવનાર પેગમ્બર - અવતાર તરફ ભક્તિ, ઈશ્ક, પ્રેમ. એ ત્રણમાં રોજીંદી વહવારૂ જીંદગીમાં દીનને કેમ અમલમાં મૂકવી, એ સૌથી અગત્યનું છે; અને દીનનું એટલે કે કુદરતના ભેદોનું જ્ઞાન-વિજ્ઞાન-સાયન્સ, અને ભક્તિ એ બે તેના પાયા છે.

ધર્મનું, દીનનું તે સાયન્સ બતાવે કે કુદરતમાં ગુનાહ (પાપ) છે અને કેરફેહ (પૂણ્ય) છે, જેની વ્યાખ્યા અહુરમઝદે નક્કી કરેલી છે, અને તેનો ભેદ એમ બતાવેલો છે કે ગુનાહથી **કુદરતમાં અને તે ગુનાહ કરનારમાં** disorder આરાજકતા પેદા થાય છે અને તેને અહુરમઝદ તરફ જવાના રસ્તા પરથી ઉખેડી નાખે છે; જ્યારે કેરફેહ તેને કુદરતના રાસ્ત-સાચા-રસ્તા ઉપર મૂકે છે.

એ દીની સાયન્સ પછી કહે છે કે ગુનાહના દસ મુખ્ય પ્રકારો રહે છે : હવસ, ગુસ્સો દુન્યવી જડ ચીજો પર ખેંચાણ અને વળગણ, લોભ, અહંકાર - અભિમાન (ego and pride), અદેખાઈની જલન, કીનો કપટ (fraud), નિંદા નાલેશી, બેશરમી અને દીનદુશ્મની (faithlessness, revolt against Din, Dharma). આ બધાની વિરૂદ્ધ જતું લીસ્ટ કેરફેહનું છે, જેમાં પ્રેમ, બીનસ્વાર્થીપણું (self-ness), માફ કરી દેવાની શક્તિ, તે સાહેબ પર ભરોસો, એતેકાદ, શ્રદ્ધા, સબુરી, દયા, કરૂણા (compassion), રાસ્તી, સત્યપ્રેમ, ભક્તિની મસ્તી એ બધા સદ્‌ગુણો આવી જાય છે.

ફરમાવ્યું છે કે માનવનાં શરીરમાં દ્રુજનો, બુરાઈનો કચરો છે, અને સાથે વળી ભલાઈનાં બીયાં પણ છે. પણ આજના ધર્મથી દૂર ચાલી ગયલા જમાનામાં ભલાઈનાં બીયાં દબાઈ ગયલાં છે અને બુરાઈનું ઉભાણ થઈ રહેલું છે. તેથી આપણા જેવા અસંત માણસો ગુનાહમાં ફસી જવા કરીએજ છીએ. તેને માટે દીને એવી તરીકત આપેલી છે કે **ગુનાહની તોજેશ કરવી, પતેત કરવી.** આપણાં બધાંજ ભણતરોમાં "અઝ હમા ગુનાહ... પ પતેત હોમ" એ ફકરો આવ્યા વિના રહેતો નથી.

પતેતનાં ત્રણ પાસાં છે પહેલું એ છે કે ખરાં મનથી, અંતકરણથી તોજેશ કરવી, દીલગીર થવું કે આ શું થઈ ગયું. પતેતનું બીજું પાસું એવું છે કે થઈ ગયલા ગુનાહની જે સજા કરણી યા કર્મ યા કેશાશને કાયદે આવશે, તેને હસતાં હસતાં ખમી લઈશ; તે ખમવાની શક્તિ, હે સાહેબ, તું મને આપજે, એવી દૂવા બંદગી કરવી. પતેતનું ત્રીજું પાસુ આ છે કે ગુનાહ થઈ જતાં, એવો મક્કમ ઠરાવ કરવો કે ફરી પાછો આવો ગુનાહ નહિ થાય, અને તેવી શક્તિ મને મળે, એવી તે સાહેબ આગળ બંદગી કરવી. આખી પતેત પશેમાની ની માંથ્ર બંદગી અને તેના અર્ક (essence) જેવી "અજ હમા ગુનાહ.... પ પતેત હોમ"ની, કુશ્તીનાં અને બીજાં દરેક ભણતરમાં આવતી બંદગીમાં આ ત્રણે પાસાં ભરી દીધેલાં છે.

આ જરથોશ્તી દીનની (અને બીજી દીનોની પણ) તરીકત છે. એમાં ખાસ ધ્યાન રાખવા જેવી બાબત એવી છે કે જ્યારે આ તરીકત એક જણ અપનાવે કે તેની ઊંડી વ્યક્તિગત (individual) દુનિયામાં, એટલે તેની પોતાની

પરસનાલીટી – **વ્યક્તિત્વમાં અમુક ફેરફારો થાય છે.** આ એક કુદરતનાં બાતેન સાયન્સની હકીકત છે. ગુનાહ થવાથી પણ તે ગુનેહગારની અંદર એટલે તેનાં જાહેર અને બાતેન શરીરોમાં, અમુક મેકેનીઝમ ઘુમી રહે છે, જેને કેહર્પનાં ૧૬ ચખ્રોની સાથે સંબંધ છે. આ સાયન્ટીફીક વિગત, ઈલ્મે ક્ષ્નૂમના મહારથી ડોકટર સાહેબ ફરામરોઝ ચીનીવાલાએ એમની બીજી નીકીઝનાં પાનાં ૫૩૦ થી આગળ આપેલી છે.

જરથોશ્તી દીન (અને બીજી બધી દીનો પણ) આપણી સામાન્ય અક્કલની પૂર્વે (beyond) નું સાયન્સ છે, જેનું નામજ બાતેનવાદ Mysticism છે. બાતેનવાદ, એ દીનનું જ બીજું નામ છે. બાતેનવાદ વિના દીન હોઈજ નહિ શકે. કેમકે **દીન તો એવું સાયન્સ છે કે જેમાં ધુળની રજકણથી માંડીને અહુરમઝદ સુધીના બધા વિષયો આવી જાય છે.** આજનાં સાયન્સને તો રેતીનું કણ શું છે, એટમ શું છે, ઈલેકટ્રોન શું છે, પાણીનું ટીપું શું છે, ઝાડનું પાંદડું શું છે, માયનો પ્રેમ શું છે, ઈનસાનનાં દીલમાં તે સાહેબ તરફની અને દીન તરફની ભક્તિ શું છે, મન શું છે, ભાન શું છે – એ અને એવા અનેક સવાલોના જવાબ કયાં તો ઘણા અધકચરા મળ્યા છે યા મળ્યાજ નથી. કેમકે **દીનનાં સાયન્સે સમજાવેલું સત્ય તો આ છે કે કુદરતને સમજવા માટે માનવની રૂહાની ખીલવણી – spiritual development થવું જોઈએ, અને તે માટે જીંદગીની અંદર દીન ઓતપ્રોત થઈ ગયલી હોવી જોઈએ;** આનું પહેલું પગથીઉ **ગુનાહ અને પતેતનું** પ્રકરણ છે. એ પગથીએ પહોંચાય, તો નર અષવનના મહાન દરજ્જા તરફ આગળ વધાય; ભાનની સીમાઓ ખુલતી જાય. એ કેમ અને કેવી રીતે બને, તેનું ક્ષ્નૂમિક સાયન્સ ડોકટર સાહેબ ફરામરોઝ ચીનીવાલાના વૈજ્ઞાનિક શબ્દોમાં સાંભળો.)

**જીંદગીની અંદર સાચ્ચું બોલવાની, જેને એકરાર કહે છે તે કરવાની, અને ભલું કરવાની નઈઅત રાખી હોય એટલે જેવું આપણું આપણને ઈચ્છીએ તેવું સામાને ઈચ્છવાની આદત રાખી હોએ તો અષવનની હાલત તરફ જવાનો પાયો મુકેલો કહી શકીએ.** આટલા સિધ્ધાંતોને પાલ્યાથી પહેલે સૂક્ષ્મ શરીરમાં અને પછી જડ તનમાં મોટા ફેરફારો થઈ જાએ છે. આપણી ઉપર અહુરમઝદાએ એક મોટી કરમ બક્ષેસ એ રીતે કીધેલી છે કે તેણે **આપણાં શરીરમાંના કેહર્પમાં ૧૬ ચખ્રોની ગોઠવણી કાર્યસાધક રીતે કામ કરી શકે તેમ મુકેલી છે.** આ ૧૬ ચખ્રોનું ફરવું તે આસ્માનોના ફરવાને મુકાબલે છે. જેમ આસ્માનો ફરી ફરી આફ્રિનગાન કરીને નતીજો લાવીને ફરશો-કરેતી આખરે લાવશે, તેમ આપણા તનના ૧૬ ચખ્રોના ફરવાથીબી એક દીન એવોજ ભલો નતીજો આવી પુગશે. આ ૧૬ ચખ્રોના ફરવાથી એટલે ૧૬ ચખ્રોમાં દવ્વાર રૂપ ગતીઓ થાય છે તેને અંગેજ આપણું જીવન ચાલી રહે છે. કેહર્પ ઉપરાંત બીજા ભાગો નામે તેવીશી, ઉશ્તાન, અને અઝદ છે. આ બધાઓને એક બીજા સાથે સંબંધ છે. જ્યારે એ બધાઓ કામ કરે છે ત્યારેજ કેહર્પના ૧૬ ચખ્રોનું અનેક રીતે ફરવું થાય છે. અઝદમાં જાનનો વરતુલ છે તેબી આ કેહર્પના ફરવાને અંગેજ ચાલી રહ્યો છે. ખરી રીતે બોલીએ તો ઉશ્તાનથી કેહર્પ અને જાન ચાલે છે. આપણી શરીરમાં ગતીઓ ફરી રહે છે જેમાંની એક ફરતી ગતી જગજાહેર છે, જેને લોહીનું ફરવું circulation of blood ને નામે ઓળખે છે. આપણા કેહર્પની અંદરના ૧૬ ચખ્રોના ફરવાની વિગત લખવી ઘણી ઘણી મુશ્કેલ છે, એટલુંજ નહિ પણ તેનો પૂર્ણ ખ્યાલ સેઝદાની રીતેજ આવી શકે છે; છતાં સાધારણ રીતેબી તેનો કંઈક ખ્યાલ આવી શકે. આપણી ચાલતી જીંદગીના સેંકડે સેકંડના વિચાર, બોલ, અને કાર આ ૧૬ ચખ્રોથી છે અને તેઓની ઉપર તે બધાંની અસર છે. **કોઈબી વિચાર, બોલ કે કારનો નાનામાં નાનો ભાગબી તે ૧૬ ચખ્રોના ફરવાને અસર કર્યા વગર રહેતોજ નથી.** ૧૬ ચખ્રોમાં મુળ ચાર રીતની ગતીઓ વહીને ફરી રહી છે. આ ગતીઓ જેમ એક ચખ્રમાં દવ્વારમાં વહી રહી છે તેમ તે બધા ૧૬ ચખ્રોની અંદરબી એકમેકને મલીને દવ્વારમાં વહી રહી છે. આ દવ્વારો દરેક ચખ્રમાં ચાર રીતના થઈ શકે, તેમ બધા ૧૬ ચખ્રમાં ૬૪ રીતના થઈ શકે. આ બધા ચાર રીતના દવ્વારો દરેક ચખ્રમાં રથવ્ય પથના યા અરથવ્ય પથના હોઈ શકે. જો તેઓ રથવ્ય પથમાં ચાલે તો તે ચારે દવ્વાર હમપથમાં સામાનતર ગતીમાં આવીને ભલો નતીજો આપે. પણ જો તેઓ અરથવ્ય પથમાં ચાલે તો તેઓ એકબીજા સાથે અઠડીને એક બીજાની ગતી મંદ કરીને, ઈસરાફ કરીને, આગ સળગાવીને તે ચખ્રને બાળી મુકે, કે જે પછી તે ચખ્ર ચાલતું બંધ થઈ જાએ, એની જીંદગીને ધોકો પુગે. એવીજ રીતે બધા ૧૬ ચખ્રની ૬૪ ગતીઓબી અરથવ્ય ગતીઓમાં હોય તો હમપથ થાય નહિ અને

પછી એકબીજા સાથે ઘસારા થવાથી હવસોના તોફાનો થયા કરે અને એક વખતે હદની બહારના ઘસાડાથી ત્યાં ગોયા આગ લાગીને તે ૧૬ ચખ્રની મશીનરી બળી જાએ અને જીંદગીનો અંત આવે.

દરેક ચખ્રમાંની ચાર ગતીને હમપથ ઉપર લાવવી હોએ, તે ઉપર કહેલો સચ્ચાઈ રાખવાનો અને જેમ પારકાનું જોઈએ તેમ પોતાનું જોવાની નઈઅત રાખવી જોઈએ. જેને ટુંકમાં કહે છે કે ભલા મીથ્રમાં રહેવું જોઈએ. ત્યારે હવે આપણે સચ્ચાઈથી અને ભલા મીથ્ર રાખ્યાથી કેહર્પના ચખ્રોમાં ફેરફાર થાય છે તે જોઈએ, કે જેના થવાથી તે બધા ૧૬ ચખ્રો હમપથમાં આવી શકે, અને કુદરતના હમપથમાં હોનવરનો નાદ ચાલે છે તે તેઓમાં સામાન્તર રીતે ચાલી શકે, જેથી મોક્ષ લઈ શકાએ એટલે અષ ઉભી કરી શકાએ.

આપણી બધીજ રહેણીકરણી માઝીની કરણીના નતીજા નામે તબઈ ઉપર રહે છે. આપણું શરીર અને તેની અંદરની ગોઠવણબી માઝીની કરણીની ઉપરજ છે એટલે માઝીની કરણીથી આપણું જડ તન બન્યું અને તેનો ભોગવટો થયો, જેને કાર કહે છે. આમ ત્યારે આપણો ભોગવટો તબઈ વ કાર પ્રમાણે છે, જે કીધા વગર છુટકો નથી. આ ભોગવટો આપણી માઝીની કરણીની સજા-જઝા રૂપનો છે. આ સઝા-જઝાનો ભોગવટો હદ અને ઈનસાફ્થીજ કુદરતે ગોઠવ્યો છે, જે ખમ્યા વગર છુટકો નથી. કુદરતમાં માફ જેવું કંઈજ નથી. આપણો ભોગવટો જડ પ્રકારનો અને ઈન્દ્રીઓનો રહે છે, જેનો ભોગવટો કરવા કરાવવા કેહર્પના પાંચથી આંઠ ચખ્રો અને ૧૧મું ચખ્ર અને ૧૩-૧૪-૧૫ ચખ્રો અમુક રીતે સાથે કામ કરે છે. આ બધા ચખ્રોના એક એકની સાથે કામ કરવાથી, ફરવાથીજ, તે બધો ભોગવટો થઈ રહે છે. આ બધા ભોગવટાની રમત અને તેના ખરાપણાંને કે ખોટાંપણાને ભેજાની ઉપર પડતી પંન્જે-ઝરવીકશે-બાતે-નની ગતી જે તેના મુળ રૂવાનોની ગતીઓમાંથી થઈ છે જે એકથી ચાર અખ્રોમાં ઉતરે છે તે જોઈને માપી શકે છે. ગોયા તે બધા ભોગવટાની આરસી તરીકે ૧ થી ૪ ચખ્રો છે એટલે તેઓ ભાન ઉભુ કરનાર તરીકે થાય છે. ત્યારે ૧ થી ચાર ચખ્રોને તે બધા ભોગવટાનું ભાન થાય છે. આ ભાન ત્યારે તે ભોગવટો જોવાની માપવાની આંખ થઈ. આ ૧ થી ચાર અખ્રો શરીરના ઓરડામાં ગોઠવાએલી આરસી છે. આ આરસીમાં જોયાથી તબઈ વ કારના ભોગવટાની શીકલની ભલી બુરી સીમા દેખાઈ આવે છે. આ ૧ થી ૪ ચખ્રોં જેને ભાન કરાવનાર ચખ્રો (પન્જે-ઝરવીકશે-બાતેનના ચખ્રો) કહે છે, તેઓ દસમાં આંતકરણના ચખ્ર સાથે સંબંધ રાખે છે. આ દસમાં અંતકરણના ચખ્રને ભેજા ના જ્ઞાન અને ખેરદના મરકજ સાથે સંબંધ રહે છે. દસમાં ચખ્રમાં રૂવાન અને બઓદ છે. આ ચખ્ર શરીરની રાજધાની છે. એની અંદર અહિરીમન ધુસી શકેલો નથી જોકે તેની પાસેથી ખાંડણી તો તે લે છે, તેને પોતા તરફ ખેંચેલુ તો રાખે છેજ. બીજા બધા ચખ્રોમાં અહિરીમન ધુસેલો છે. આ દસમાં ચખ્રમાં એક પતમાન (કાંટો) છે, જેં પતમાન ખુદ અહુરા પાસે છે, એટલે હદ-ઇનસાફની જમાનો પતમાન જે અહુરા પાસે છે તેવો એક નાની ગતીનો, પણ તેવી જાતનો પતમાન ઇનસાનના દસમાં ચખ્રમાં મુકાએલો છે. આવી ગતીને લીધે ઇનસાનમાં ઇનસાનીઅત છે, તે અર્ધ ઇઝત છે અને કુલ નીસ્તીનો દહયુપત થશે. આવો ત્યારે કેહર્પમાં અચુક સંબંધ છે. એટલે ૧ થી ૪ ચખ્રોએ ભોગવટાની જે બધી ભલાઈ કે બુરાઈ માપી તે બધુ દસમાં અંતકરણના ચખ્રને કહેવામાં આવે છે. અંતકરણના દસમાં ચખ્રમાં રાદની ગતી છે. અહુપરસ્તી કરવાનો નાદ ત્યાં છે. સચ્ચાઈનું તે ઠામ છે. એટલે ભાને કહેલી બુરાઈ, જે શરીર-મને કીધી, તેની ઉપર તે વિલાપ કરે છે અને ડંખ શરૂ કરે છે, **કે અરે ભાઈ મન! આ તારે કરવું હતું નહિ. પણ મન તો ખરફસ્તર છે એટલે તે ચોરી ઉપર સરજોરી કરીને તે કીધેલાની બુરી નઈઅતનો ઈનકાર કરે છે, યા જે કીધું છે તે સાચ્ચું જ છે એમ બજીદ થઈ અંતકરણને ઠોકરે મારે છે.** આમ જ્યારે થાય છે ત્યારે અંતઃકરણનું તે ચખ્ર તેની તેહકીક ભેજાંમાં રહેલાં જ્ઞાન ખેરદને પુછે છે એટલે ખેરદબી ભાનના કહેલાને ટેકો આપે છે. પછી તે તેહકીકને પોતામાં રહેલા હદ-ઈનસાફના ત્રાજવામાં તોલીને ખાત્રી કરી લે છે કે ના, ભાને કહેલીજ વાત ખરી છે. આમ જાણ્યાથી અંતઃકરણનો ડંખ મજબૂત રીતે ચાલે છે. ત્યારે આવી રીતની ચખ્રોની ગોઠવણીનો સંબંધ છે, તેથી જે કંઈબી ઈન્સાન કરે છે, તેનું ભાન-જ્ઞાન અને ડંખ શરૂ થાય છે. આમ કરમોના કીધાથી અંતઃકરણનો ડંખ ચાલે છે, ત્યારે આ જે ભોગવટો થયો તે તો તબઈનો નસીબનો થયો, અને શરીરે તે ભોગવ્યો એટલે કાર થયું. એમ આ જે કંઈ થયું તે તો તબઈ વ કારનું થયું - તે કીધા વગર તેનો છુટકો હતો નહિ, 'બુદની હસ્‌ત ખાહદ બુદ' બનાવકાળ

બની ગયું. પણ હવે તેનેથી દુર જવા કુદરતે ઈનસાફને ફેલબી આપેલો છે. અંતઃકરણના ચખ્રને અને ભેજાનાં ચખ્રને જેવો સંબંધ થયો તેથી ભાન જ્ઞાન અને ડંખ થયા, ખરી તેહકીક જણાઈ. વળી ભેજાંનાં ચખ્રો અને અંતઃકરણનાં ચખ્રને જે ઉપર કહેલો સંબંધ છે. એક જાતની સગાઈ છે, તે સગાઈનો સંબંધ તેઓની સાથે નવમું અને આઠમું ચખ્રબી રાખી શકે. પણ આ સંબંધ કરવો કે નહિ કરવો તે તે ઈનસાનની ફેલ-મુખત્યારી ઉપર રહ્યું છે. જો તે ઈનસાન આ સંબંધ કરે તો તે ગુનાહની ચુંગાલમાંથી છુટવાનો પાયો મુકાય, અને જો તે સંબંધ નહિં કરે તો પછી ઓર ગુનાહમાં જવાએ છે. આ સંબંધ કીધાથી શું થશે? આ સંબંધ કરવો એટલે શું? **જો અંતઃકરણના દશમાં ચખ્રનો સંબંધ નવમાં અને આઠમાં (ગોબી-બોલીનાં) ચખ્ર સાથે કરે, તો પછી અંતઃકરણના ડંખની મુગી હેકાયત આઠમાં ચખ્રની જીભ ફ્રાએઝ કરે અને નવમાં ચખ્રની ગતી તેમાંથી ભલો ફ્રાએદો કઢાવી આપે, એટલે હવે પછીથી એવો ગુનાહ નહિ થાય તેવી ચોકસી રાખવા શહેરેવરની દુવ્વમ ક્ષથ દૃઢપણું અને આરમઈતીના ગુણો તમીઝ, બરદાસ્ત, સબરચાત, નાકસીની ગતીઓ અપાવે, તેઓનો અંગીકાર કરાવે. આમ કીધેલા ગુનાહની સાચ્ચી હેકાયત લાએક જગા આગળ કરીને પશેમાન થવાથી નવી કરણીનો દોર શરૂ થાય છે, જે નવો દોર બુરી કરણીથી રહાઈ અપાવશે અને આઠમાં અને નવમાં ચખ્રોની ખીલવણી કરાવીને સત્ય બોલવાની ગતી અને તેથી થતું પુર્ણ જોર ઉભું કરાવશે. આવી એકરારની ગતીને પતેત કહે છે, જેને હુતોખ્શી એટલે પોતાની બુરાઈને ભલાઈમાં ઘડવાની કારીગીરી કહે છે, જેને હવરશતની સચ્ચાઈ કહે છે, આમ તબઈ વ કારથી થતા ગુનાહોની સામે પતેતની સચ્ચાઈ ફેલ તરીકે છે. તબઈ વ કાર આપણાં તાબામાં નથી, પણ ફેલ આપણાં તાબામાં છે.** એમ ત્યારે સચ્ચાઈ એકરારનો ફેલ અંતઃકરણના ડંખ પ્રમાણેનો ઝબાનથી કરવામાં આવે એટલે અષ ઉભી કરવાનો પાયો નખાએ છે. ત્યારે ફેલ કરવો એક જાતનો માનસિક શ્રમ છે, કેમ કે ગુનાહનો એકરાર કરવાથી જે ખોટું લાગે છે તેનો માનસિક શ્રમ શારીરિક ગમે તેવા ભારી શ્રમ કરતાં અતી ભારી છે. પણ આવો ફેલનો શ્રમ લીધાથી પહેલા તો તે ઈનસાન નીચો પડે છે, પણ તે સચ્ચાઈનો શ્રમ તેને નમનતાઈ-સબરચાત નાકેસીના ઉત્તમ ગુણો ઉપર લઈ જઈને પછી મોટાઈની ઉચાઈએ ચઢાવે છે, જેથી તેની કદર ઈનસાનોની આંખમાં ઘણી થઈને ઉભી રહે છે. આવા ઈનસાનમાં નઈતીક હિમ્મત, મુનસફ મીજાજ પેદા પડે છે, જે પછી તેનામાં કનાઅતના સંતોશીપણાના ગુણો પેદા પડે છે, અને રચાઝમંદીની ઉપર તે આવે છે. રચાઝમંદીની ગતી ઘણી દુર્લભ છે. તેમાં પરમાર્થની બુય છે – તેમાં દુઃખ સામે બેપરવાહી છે– તેમાં જુઠાણા સામે ધીક્કાર છે, તેમાં મહેરનું જોર છે. રચાઝમંદીનો ઈનસાન વિચારમાંબી ગુનાહ કરી શકતો નથી. તેના બદનમાંથી અંબરનો વાસ નીકલે છે. આરમાઈતીનો તે જુફ્ત છે. આવી ગતી પેલું નવમું ચખ્ર તેને કરી અપાવે છે. આ વખતે નવમું ચખ્ર તેને અવસ્તા-ખાનીની ગતીથી ઉતપન થતી શક્તિ અને ફ્રાએદાની તરફ લઈ જાએ છે એટલે દ્રુજ-પરહેજની તરીકતોની ઉપર તેને સાબેત કદમ કરાવે છે. આથ્રવનોના ૧૬ ગુણોમાંનો પહેલો ગુણ **અવીઝહ હીમ** તેનામાં પેદા પડીને નર્મ-નસ્કના અગીઆરમો ગુણ મેળવવાની સગવડ ઉભી થાય છે.

ત્યારે ગુનાહ કે સવાબ કરવો તે તો તેના છઠ્ઠીના લેખમાં લખાયું છે તેમ થયાજ કરશે, જેની ઉપર કોઈનો ઈલાકો છેજ નહિ, અને આવેબી નહિ, કેમકે માઝીમાં જેવી કરણી કીધી, તે પ્રમાણે તે લેખ થયા – એટલે તે તો ભોગવવાનાજ, કેમકે માફ જેવું કુદરતમાં છેજ નહિ. પણ ઉપર કહ્યું છે તેમ ભાન તો બધીજ ચલવલને જોઈને તેનો રેકોર્ડ રાખીને અંતકરણને કહીને ડંખ કરાવ્યાજ કરે છે. જ્યાં લગી જીંદગી છે, જ્યાં લગી કેહર્પના ૧૬ ચખ્રો ચાલે છે ત્યાં લગી તે તો થયાજ કરશે. એટલે ગુનાહનો ડંખ થવાનોજ. આટલું તો તબઈ છે. પણ હવે જો માનસિક શ્રમ લઈને જબાનની સાથે અંતકરણને જોડાણ આપે તો પછી અંતઃકરણપૂર્વકનો એકરાર થાએ, જેથી અંતકરણના ચખ્રનો અને નવમાં ચખ્રનો સંબંધ થવે તેમાં રચાઝમંદીના ગુણો પેદા પડે, જે પછી તરીકતની ઉપર અને હવસોને બાંધવાની શકતીની ઉપર તે સાબેત કદમ થતે જાએ. જ્યારે તે ઈનસાન પોતાના અંતકરણના ડંખને લીધે હેરાન થાય છે એટલે જેને સાધારણ જબાનમાં કહે છે તેમ તેનું અંતકરણ ડંખે છે, ત્યારે તે ઈનસાન ગુનાહોની ઉપર વિચાર કરવા બેસે છે, અને તે એવા નિર્ણય ઉપર આવે છે, કે ક્ષણભંગુર સુખને સારૂ પાપ કરવામાં શું ફ્રાએદો છે, કેમકે ગમે તેવું ક્ષણભંગુર સુખ મલશે, તો તે ક્ષણેજ, મીનીટેજ, કે જ્યારે તે સુખ, કહેવાતી મઝાહ ભોગવતા

હોઈશું તેમાંબી વિયોગીનું દુ:ખજ માલમ પડે છે. એટલે આ ગેતીમાં વિયોગી અને તેથી ઉભું થતું દુખજ છે – ખરૂં સુખ તો શોધ્યું મલતુંજ નથી, માટે એવા ક્ષણભંગુર સુખ સારૂ ગુનાહ શીદને કરવો? પણ ગુનાહ તો થઈ જાએ છે તો પછી ચાલો આપણે તે નહિ થાય માટે ઉસ્તાદોને દીનદસ્તુરોને પુછીએ કે તે કંઈ રસ્તો દેખાડે. આ વખતે ત્યારે તે ઉસ્તાદો યા દીનદસ્તુરો આગળ તે ફેલની માનસીક શ્રમ ઉઠાવીને અંત:કરણનાં ચખ્રને આઠમાં ચખ્ર સાથે જોડીને થએલા ગુનાહનો એકરાર કરે છે. આ પછી તેની ખરી સલાહ મલશે.

(છેડા પરની નોંધ :– ઉપલાં લખાણમાં એક બીજો સિદ્ધાંત આપે જોયો હશે કે ગુનાહ અને પતેતનાં પ્રકરણમાં ગુનાહની તોજેશ, પતેત તો છેજ, પણ સાથે **ગુનાહનો એકરાર પણ છે, અને તે એકરાર ઝબાનથી, એટલે** બોલીને **કરવાનો હોય છે.** "અજ હમા ગુનાહ" વાળા ફકરામાં "પ સે ગવશની પ પતેત હોમ" એ વાક્ય આવે છે, તેમાં એવો અર્થસંદેશ છે કે જે અંતકરણમાં હોય તેજ મનમાં, ભાનમાં હોવું જોઈએ અને તેજ ઝબાન મારફતે, બોલી મારફતે, જીભ મારફતે એકરારૂ તરીકે બોલાવું જોઈએ. દીલ, દીમાગ, ઝબાન એ ત્રણેમાંથી ગૂનાહ્ના એકરારનો એકજ સુર નીકળવો જોઈએ. આને ઈનસાનનો ફેલ એટલે કે પુરૂષાર્થ કહે છે.

દીનમાં કહે છે કે ગુનાહ પણ માણસના પાછલા ભૂતકાળમાંથી, પાછલા જન્મોમાંથી, કરણીરૂપે ઉતરે છે અને આજના જમાનામાં આપણા જેવા સામાન્ય માનવોથી તો એ ગુનાહમાં ફસાઈ જવાય છે. પણ ગુનાહ થઈ જાય, તે વેળા અંતકરણ ડંખે, મન તોજેશ કરે અને ઝબાન એકરાર કરે, તો એ **માનવનો પોતાનો પૂરૂષાર્થ**, પોતાની મહેનત, પોતાનો રન્જ ખેંચેલો કહેવાય. નસીબ ભલે કર્મનાં ફળમાંથી આવે, તેમાં માનવનું ચલણ નથી, પણ ગુનાહની પતેત – એકરાર તે એનું પોતાનું પરાક્રમ છે. નીજી સાહસ છે, જે એ કરે કે નહિ કરે. જો કરે તો દીનના રસ્તા પર પહેલું પગથીઉ છે, કેમકે એકરાર કરતી ઝબાન કેહર્પનાં આઠમા જીભ ઉપરનાં ચખ્રમાં એવા ફેરફારો કરે છે; એવાં દૌરાનો – સરકીટ્સ, દાયરાઓ, ભ્રમણો – rotation revolutions - **કરે છે**, કે તેને લીધે માનવ રૂહાની ખીલવણીમાં, આત્મિક પ્રગતિમાં, ખુદાશનાસીના રસ્તા પર આગળ ચાલવા લાગી જાય છે. જો પતેત એકરારનો ફેલ માનવ નહિ કરે તો તેનાં ચખ્રો પર ઘસારા પડે છે અને તે સાહેબ તરફ જવાના રસ્તા પર જબરી પીછેહઠ થઈ જાય છે. નસીબ કેટલું ને પુરૂષાર્થ કેટલો, એ સવાલનો આ અદ્ભૂત જવાબ છે.

ગુનાહ થાય, ત્યારે તે ગુનાહ છે, એવું ભાન પણ ન થાય તો એ માનસીક હાલત આત્મિક પતન છે. એવા માનવનું મન પતરાજી કરે, "એમાં વળી શું ગુનાહ થયો?" એવી શેખી કરે, તે પોતાના અંતકરણના અવાજને ઠોકરે મારે છે. ડોકટર સાહેબ ફરામરોઝ લખે છે કે દરેક માનવમાં અંતકરણનો કાંટો છે, જે ગુનાહ થાય ત્યારે ડંખ્યા વિના રહે નહિ; પણ પેલા શેખીખોર ગુનેહગારનું અકોમન–ગુનેહગાર મન તે અવાજને ગુંગળાવી નાખે છે અને તે સાહેબ તરફ ચાલવાની કુદરતે બક્ષેલી મશીનરીને ઉલટી કરી નાંખે છે.

માનવનાં મનની, ભાનની, અંતકરણની આ સાયન્ટીફીક મશીનરી દીનમાં સમજાવી છે અને ક્નૂમથી તેનો રાઝ ખુલે છે. ગુનાહ–એકરારની ફેલ મુખત્યારી–નીજી પુરૂષાર્થ કરનારનાં **ભાનની સીમા ખુલતી જાય છે, અને તેને સરોશનો નાદ સંભળાવાનો ચાલુ થાય છે**, અશવનની હાલત તરફની કૂચ ચાલુ થઈ જાય છે. તે સાહેબ તરફ જવાનો રસ્તો ખાંડાની ધાર જેવો છે, ફુલની પથરામણ નથી, મખમલી શેતરંજી નથી. અંતકરણને તેજ કરવા માટે, મનમાં ગુનાહ એકરારના દાયરાઓ ફેરવવા માટે, અહંકારના, હવસના અને ગુનાહોના વંટોળ્યાને શાંત કરવા માટે, અને ભાનની સીમા વધારવા માટે તો દીનમાં તરીકત માર્ગ અને ભક્તિ માર્ગ બક્ષેલો છે, અને સુદરેહ કુશ્તી, માંથ્રખાની, આતશપરસ્તી, યસ્ન એ બધાંની નવાઝેશ થયલી છે.

ગુનાહનો એકરાર કેમ કરવો? પોતાના કોઈ ખાસ દોસ્ત આગળ યા હમમીથ્રની અન્જુમન આગળ બોલીને કરવો; યા પગમ્બર સાહેબને હાજર નાઝર જાણીને એકરાર બોલી જવો. આજે એવા દીન–દસ્તુરો કે ઉસ્તાદો છે નહિ, જેની સમક્ષ એકરાર થાય.

આફીન છે, દીનનાં આવાં ગહન મરકઝો ખોલનાર ઉસ્તાદ સાહેબ બહેરામ શાહ શરાફ ઉપર; અને તેઓ સાહેબમાં આ નાદર જ્ઞાનના ઝરાઓ દોહરાવનાર તે સાહેબ–દેલાન સાહેબો ઉપર; અને એ રૂહાની ભક્તિમય અને જ્ઞાનમય રમ્ઝોને કલમી કરનાર ઉસ્તાદ સાહેબના એઝાઝતી શાર્ગેદ ડોકટર સાહેબ ફરામરોઝ ચીનીવાલા ઉપર.)